(૨)

૦૩૦–સ્ટેમ્પ એન્ડ રજીસ્ટ્રેશન
<u>અંગેની માહિતી આપવા બાબત.</u>

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**
ગુજરાત રાજય, 'વીમા અને લેખા ભવન',
બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.
**પરિપત્ર ક્રમાંક :– હિતિનિ/ટીસી/ફા.૧૧૧/૪૩૦૬**
તારીખ :–૧૮–૫–૨૦૦૭.

**:: પરિપત્ર :: નંબર : ૧૫/૨૦૦૭ ::**

અત્રેના ધ્યાન ઉપર આવેલ છે કે, જિલ્લા તિજોરી કચેરી, ગોધરા, સુરત, દાહોદ, સુરેન્દ્રનગર, વલસાડ, અને મહેસાણાની કચેરીએ સ્ટેમ્પ વેચાણ અંગેની માહિતી વેબસાઈટ ઉપર અપલોડ કરી અદ્યતન કરેલ નથી. જેના કારણે સુપ્રી. ઓફ સ્ટેમ્પની કચેરીને સમયસર રીપોર્ટ ન મળતાં આ અંગેની માહિતી રેવન્યુ ડીપાર્ટમેન્ટને સમયસર મોકલી શકાયેલ નથી.

આથી સંબંધકર્તા તમામ શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓના ધ્યાન ઉપર લાવવામાં આવે છે કે, આ કચેરીની અગાઉની સૂચના મુજબ સ્ટેમ્પ વેચાણ અંગેની માસીક વિગતોના ડેટા આખરી થયા બાદ વેબસાઈટ ઉપર અપલોડ કરવાની સૂચના મુજબ આ ડેટા સુપ્રી. ઓફ સ્ટેમ્પની કચેરીને સમયસર પહોંચાડવામાં આવતાં નથી. જેના કારણે તે અંગેની રાજયની એકત્રિત માહિતી રેવન્યુ ડીપાર્ટમેન્ટને સમયસર આપી શકાતી નથી.

હવે પછી આ અંગેના જરૂરી રીપોર્ટ તાત્કાલિક નામજોગ સુપ્રી. ઓફ સ્ટેમ્પની કચેરીને આ કચેરીની જાણ હેઠળ મોકલી આપવા અને તેમ કરવામાં ચૂક થશે તો સંબંધકર્તાની જવાબદારી નકકી કરવાની ફરજ પડશે.

*નિયામક.*

પ્રતિ,
શ્રેયાન/જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી,
....................(તમામ).

**<u>નકલ સવિનય રવાના પ્રતિ,</u>**
સુપ્રી ઓફ સ્ટેમ્પશ્રી, ગુજરાત રાજય, સ્ટેમ્પ ભવન, સેકટર–૧૩, ગાંધીનગર તરફ